**તા.૩૦/૮/૨૦૧૮ના રોજ ૩–૩૦ કલાકે અગ્રસચિવશ્રી,સા.ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને મળેલ આઈ.ટી.કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ :–**

બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતાં.

| અ.નં. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો/ કચેરી |
|---|---|---|
| ૧ | શ્રી એચ.જી.ભાભોર | સંયુક્ત સચિવ, સા.ન્યાય અને અધિ.વિભાગ |
| ૨ | શ્રી કે.જી.શાહ | નાયબ સચિવ, (અ.જા.ક) " |
| ૩ | શ્રીમતી જે.વી.દેસાઈ | નાયબ સચિવ(સ.સુ) " |
| ૪ | શ્રી કે.ડી.કાપડીયા | નિયામક, અ.જા.ક. |
| ૫ | શ્રી જી.એન.નાચીયા | નિયામક, સમાજ સુરક્ષા |
| ૬ | શ્રી ભાવીન પટેલ | ઉપસચિવ |
| ૭ | શ્રી એન.કે.પરમાર | નાયબ નિયામક (સ.સુ) |
| ૮ | શ્રી વિક્રમ પરમાર | નાયબ નિયામક (સ.સુ) |
| ૯ | શ્રી વી.એસ.શાહ | આયોજન અધિકારી (સ.સુ) |
| ૧૦ | શ્રી પ્રણવ વૈધ | નાયબ નિયામક, વિજાક |
| ૧૧ | શ્રી જસવંત ગાંધી | મેનેજીગ ડીરેકટર, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ |
| ૧૨ | કુ. ડી.આર.જાની | મેનેજીગ ડીરેકટર, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ. |
| ૧૩ | શ્રી એસ.વી.પડધરીયા | નાણા સલાહકાર |
| ૧૪ | શ્રી આર.યુ.પરમાર | નાયબ નિયામક (અ.જા.ક) |
| ૧૫ | શ્રી બી.પી.સોયંતર | નાયબ નિયામક (અ.જા.ક) |
| ૧૬ | શ્રી એચ.આર.પરમાર | નાયબ નિયામક (અ.જા.ક) |
| ૧૭ | શ્રી અમીત પટોડીયા | જી.આઈ.એલ. |
| ૧૮ | શ્રી કુણાલ સુથાર | જી.આઈ.એલ. |
| ૧૭ | શ્રી વિવેક ઉપાધ્યાય | જી.આઈ.એલ |

બેઠકમાં નીચે મુજબના એજન્ડાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી અને નિર્ણય લેવામાં આવ્યાં.

| | | |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા | ૧. યુ.ડી.આઈ.ડી. પ્રોજેકટ માટે ૩૩ નંગ કોમ્પયુટર, ૩૩ નંગ પ્રિન્ટર, ૩૩ નંગ વેબ કેમેરા અને ૧૩૨ નંગ બાયોમેટ્રીક પ્રિન્ટ સ્કેનર ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |
| | | ૨.એમઆઈએસ. (મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સીસ્ટમ) જી.આઈ.એલ ધ્વારા ડેવલપ કરાવવા બાબત. |
| | | ૩. વડી કચેરી માટે ૫૦ નંગ કોમ્પ્યુટર, ૫૦ નંગ પ્રિન્ટર, ૩૦ નંગ સ્કેનર, ૧ નંગ લેપટોપ તથા જીલ્લાની કચેરીઓ માટે ૯૯ નંગ કોમ્પ્યુટર, ૯૯ નંગ પ્રિન્ટર, ૩૩ નંગ સ્કેનર ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપવા બાબત... |

આ બાબતે ચર્ચા થતાં શ્રી જી.એન.નાચીયા, નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જણાવેલ કે ભારત સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે. જે આરોગ્ય વિભાગને હવાલે મુકવામાં આવે છે. આથી આ બાબતે અગ્ર સચિવશ્રીએ જણાવેલ કે, આરોગ્ય વિભાગને તેની જરુરીયાત છે કે કેમ તેની પ્રથમ તપાસ કરાવી લેવી જોઈએ તેમજ જી.આઈ.એલ.ને આ કામગીરી સોંપવાનું નકકી કરવામાં આવ્યું.

એમઆઈએસ બાબતે જી.આઈ.એલ.ના અધિકારીએ જણાવેલ કે જરુરીયાતનો અભ્યાસ કરી એજન્સી નકકી કરી આપવામાં આવશે. આ બાબતે અગ્રસચિવશ્રીએ તા.૧૫/૯/૨૦૧૮ સુધીમાં કામગીરી પૂર્ણ કરી એક પ્રેઝટેશન કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષાને જણાવવામાં આવ્યું.

વડી કચેરી બાબતે ચર્ચા થતાં, નિયામકશ્રી, સમાજ સુરક્ષા જણાવેલ કે ૫ વર્ષ જુના કોમ્પ્યુટર છે આથી અગ્રસચિવશ્રીએ જણાવેલ કે જી.આઈ.એલ.પાસેથી અભિપ્રાય મેળવવો તેમજ ૫૦ કોમ્પ્યુટરની જગ્યાએ ૨૦ કોમ્પ્યુટર અને ૨૦ પ્રિન્ટર, ૧ સ્કેનર કચેરીની ઓપરેશનલ કામગીરી માટે ૧ લેપટોપ ખરીદવાની મંજૂરી આપવામાં આવી. જી.આઈ.એલ ધ્વારા ઓડીટ કરવાની શરતે ઉપર મુજબના કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર મંજૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| ૨ | ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૧૫ નંગ કોમ્પ્યુટર અને ૧૫ નંગ પ્રિન્ટર ખરીદાવની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં શ્રી કે.જી.શાહ, મેનેજીંગ ડીરેકટરશ્રીએ રજૂઆત કરેલ કે ઝેરાક્ષ, ફેકસ, સ્કેનર પણ આપવા જોઈએ.

ચર્ચા થતાં ૧૫ કોમ્પ્યુટર, ૧૦ પ્રિન્ટર, ૧ સ્કેનર અને કચેરીની ઓપરેશનલ કામગીરી માટે ૧ લેપટોપ ખરીદવાની મંજૂરી સમિતિએ આપી. જી.આઈ.એલ મારફત ખરીદવા મંજૂરી આપવામાં આવી.

| | | |
|---|---|---|
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૫ નંગ કોમ્પ્યુર કન્ડેમ કરી ૮ નંગ ( તે પૈકી ૧ નંગ હાઈ કન્ફીગ્યુરેશન તથા ૨ જી.બી.ની હાર્ડડીસ્કની કેપેસીટીવાળુ) નવા કોમ્પ્યુટર ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં શ્રી જસવંત ગાંધી, મેનેજીંગ ડીરેકટરશ્રીએ જણાવેલ કે, લેપટોપ વર્ષ ૨૦૧૧ નું જુનુ છે તથા ૧ સ્કેનર આપવા માટે પણ રજૂઆત કરેલ. હાલ નિગમમાં ૧ સ્કેનર છે. જે મેનેજીંગ ડીરેકટર પાસે છે. સ્ટાફ પાસે નથી. ઉપરાંત તેમણે કોમ્પ્યુટર કન્ડેમની મંજૂરી આપવા રજુઆત કરેલ. ૫ કોમ્પ્યુટર, કચેરીની ઓપરેશનલ કામગીરી માટે ૧ લેપટોપ, ૧ સ્કેનર ખરીદવાની મંજૂરી આપવામાં આવી. આ બાબતે અગ્રસચિવશ્રીએ જણાવેલ હાર્ડવેર કન્ડેમ કરવા માટે D.S.T ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવી. ૫ કોમ્પ્યુટર કન્ડમ કરવા પણ મંજૂરી આપી.

| | | |
|---|---|---|
| ૪ | ગુજરાત રાજય બિનઅનામત વર્ગોના આયોગ | ૧૦ નંગ કોમ્પ્યુટર તથા ૧૦ નંગ લેસરજેટ પ્રિન્ટર ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં ૮ કોમ્પ્યુટર તથા ૫ પ્રિન્ટર ખરીદવા સમિતિએ મંજૂરી આપી. સભ્ય–સચિવશ્રીએ કચેરી કામગીરી / સર્વેની કામગીરી માટે ૧

લેપટોપ આપવા માટે રજૂઆત કરેલ. જે માટેની દરખાસ્ત તે જ દિવસે મોકલી આપેલ છે. કચેરીના ઓપરેશનલ કામગીરી માટે ૧ લેપટોપ ખરીદવાની મંજૂરી આપવામાં આવી.

| | | |
|---|---|---|
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ તથા ગુજરાત રાજય બિનઅનામત વર્ગોના આયોગ. | વેબસાઈટ ડેવલપ કરવાની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં કુ. ડી.એન.જાની, મેનેજીંગ ડીરેકટરશ્રીએ વેબસાઈટ ડેવલપમેન્ટ કરવાની છે તેમ જણાવેલ. અગ્રસચિવશ્રીએ તેઓશ્રીને જણાવેલ કે બધી વિગતો આવી જાય/ નવું એડ પણ કરી શકાય, તમામ યોજનાઓના ફોર્મ ઓનલાઈન ભરી શકાય તેવી વેબસાઈટ ડેવલપ કરી તેઓ સમક્ષ પ્રેઝટેશન રાખવા જણાવવામાં આવ્યું. સમિતિ ધ્વારા નિગમ અને આયોગ બંન્નેને વેબસાઈટ ડેવલપ કરવાની મંજૂરી આપવામાં આવી.

| | | |
|---|---|---|
| ૬ | રોકડ શાખા | સૂચવેલ Fujitsu નં.fi7260 સ્કેનર ખરીદવાની મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં જી.આઈ.એલ.ના અધિકારીશ્રીએ જણાવેલ કેFujitsu નં.fi7260 સ્કેનર રૂા.૪૦,૦૦૦/- નું આવે છે. લાખોની સંખ્યામાં ડોકયુમેન્ટ સ્કેન કરવાના હોય ત્યારે તેનો ઉપયોગ થઈ શકે છે. જયારે ઓછી માત્રામાં ડોકયુમેન્ટ હોય તો એચ.પી.નું સ્કેનર જે રૂા.૧૬,૯૯૦/- નું આવે છે તે ચાલી શકે તેમ છે. જેમાં ૩ વર્ષની ગેરંટી પણ હોય છે. આથી આ બાબતે ફરી વિચારણા કરવામાં આવશે તેમ અગ્રસચિવશ્રીએ જણાવ્યું.

| | | |
|---|---|---|
| ૭ | વિભાગ | સી.એમ.ડેશબોર્ડ પર અપલોડ કરવા માટેની વિભાગની વિવિધ યોજનાઓની માહિતી એન.આઈ.સી.ને વેબ સર્વિસ ધ્વારા મોકલવા માટે યુટીલીટી સોફ્ટવેર ડેવલપ કરવા અંગેની જી.આઈ.પી.એલ.ની દરખાસ્તને મંજૂરી આપવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં વિભાગની ૧૪૫ યોજના સી.એમ.ડેશબોર્ડ પર છે. અનુસૂચિત જાતિ કલ્યાણની ૪૮ યોજના સી.એમ. ડેશબોર્ડ પર છે. આ બાબતે જી.આઈ.પી.એલ.ના પ્રતિનિધિ સાથે નેગોશીયેશન કરવાની શરતે મંજૂરી આપી.

| | | |
|---|---|---|
| ૮ | વિભાગ | ઈ–કલ્યાણ વેબ એપ્લીકેશનના O & M ની કામગીરી જી.આઈ.પી.એલ.ને વાર્ષિક રૂ. ૬,૩૦,૧૨૦/– ના ખર્ચે આપવા બાબત. |

આ બાબત ચર્ચા થતાં O & M ની મુદ્દત તા.૫/૯/૨૦૧૯ ના રોજ પૂર્ણ થાય છે. ઈ–કલ્યાણમાં વિકલાંગ એસ.ટી. પાસનો સમાવેશ થાય છે. ઈ–કલ્યાણ વેબ એપ્લીકેશનના O & Mની કામગીરી G.I.P.Lને ત્રિમાસિક દરે આપવાનું નકકી કરવામાં આવ્યું.

| | | |
|---|---|---|
| ૯ | વિભાગ | સી.એમ.ડેશબોર્ડ માટે નવી વેબ સર્વિસ ડેવલપ કરવા માટે જી.આઈ.પી.એલ.ની રૂ.૮૯,૦૦૦/– ની દરખાસ્તને મંજૂરી આપવા બાબત.. |

આ બાબતે DST ના નાયબ સચિવશ્રીએ જણાવેલ કે ટેન્ડર પ્રક્રિયા કરી હોત તો કામગીરી વહેલી પુર્ણ થયેલ હોત. સદરહું રકમ એક મહીના માટે છે કે કેમ ? વિગેરે ચર્ચા કરવામાં આવેલ. આ બાબતે G.I.P.Lના પ્રતિનિધિ સાથે નેગોશીયેશન કરવાની શરતે મંજૂરી આપી.

| | | |
|---|---|---|
| ૧૦ | ત્રણેય ખાતાના વડા | વિભાગ હેઠળના ખાતાના વડાઓની કચેરી હસ્તકની તમામ સંસ્થાઓમાં હાજરી માટે બાયોમેટ્રીક ડીવાઈસ અને સુરક્ષા અને દેખરેખ માટે સી.સી.ટી.વી.કેમેરા લગાવવા બાબત. |

આ બાબતે ચર્ચા થતાં ૬૦૦૦ જેટલા ડીવાઈસ હોય જી.આઈ.એલ ના અધિકારીશ્રીએ જણાવેલ કે ૨૦ થી ૩૦ વિધાર્થીઓએ ૧ ડીવાઈસ જોઈએ . તેમજ હાજરી અત્રેથી પણ જાણી શકાય તે માટે હાજરી રજીસ્ટર કરાવવી પણ જરુરી છે અને માટે વેબ એપ્લીકેશન પણ બનાવવી પડે તેમ જણાવેલ. શાળાઓ માટે " શાળા કોષ " એપ્લીકેશનનો ઉપયોગ કરવા પણ ચર્ચા કરવામાં આવી. આ માટે NICને દરખાસ્ત પણ કરવામાં આવી છે.

સી.સી.ટી.વી. કેમેરા બાબતે ચર્ચા થતાં જો સંસ્થા નાની હોય તો ૫ થી ૭ અને મોટી સંસ્થા હોય તો ૨૫ થી ૩૦ કેમેરા જોઈએ તેમ જી.આઈ.એલ.એ જણાવેલ. આ બાબતે ગ્રાન્ટ કેટલી છે તેવી પૃચ્છા કરતાં રુા.૨.૨૫ કરોડ ગ્રાન્ટ છે તેમ વિભાગે જણાવેલ. આથીઆ બાબતે અગ્રસચિવશ્રીએ જણાવેલ કે સી.સી.ટી.વી. અને બાયોમેટ્રીક હાજરી પણ જરુરી હોય પ્રાયોગિક ધોરણે સરકારી તથા મોટા છાત્રાલયો/શાળાઓ બાબતે તમામ પાસાઓની વિગતો ચકાસી નિર્ણય કરવામાં આવશે. આમ આ બાબતે કમિટી ઘ્વારા આગળ વધવા સૈઘ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧૧ | વિભાગ | વિભાગ હેઠળના પ્રાથમિક તપાસ/ખાતાકીય તપાસ/તકેદારી આયોગ સંદર્ભ કેસોના સતત ટ્રેકીગ માટે વિભાગ માટે એક સોફટવેર એપ્લીકેશન બનાવવા બાબત... |

આ બાબતે ચર્ચા થતાં જી.આઈ.એલ.એ જણાવેલ કે IWDMS માં આ બાબત આવી જાય છે. શ્રી નિકુંજભાઈ આ બાબતના જાણકાર છે. આથી અગ્રસચિવશ્રીએ જો આ સોફટવેર IWDMS માં હોય તો તેનું એક પ્રેઝટેશન તેમને બતાવવા માટે જણાવવામાં આવ્યું. તે મુજબ આગળ વધવાનું નકકી કરવામાં આવ્યું.

૧૨. અધ્યક્ષસ્થાનેથી રજૂ થાય તે .

- અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સરકારી છાત્રાલય/આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ પ્રકિયા ઓનલાઈન કરવા બાબત.

- અનુસૂચિત જાતિ હસ્તકની સંત શિરોમણી શ્રી રવિદાસ ઉચ્ચવર્ધક તાલીમ યોજના બાબત.

- નિયામક, અનુ.જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓમાં ગ્રાન્ટ ફાળવણી/લોન રીકવરી/ રીકંસિલેશન કામગીરી ઓનલાઈન કરવા પોર્ટલ બનાવવા માટેની દરખાસ્ત મોકલવા બાબત.

આ બાબતે ચર્ચા થતાં નિયામકશ્રી, અ.જા.ક.એ G.I..L સાથે ટેકનીકલ બાબતો તથા ખર્ચ અંગે પરામર્શ કરીને વિભાગની વહીવટી શાખા મારફતે ખર્ચની વિગતો સાથે દરખાસ્ત કરવા અગ્રસચિવશ્રીએ જણાવ્યું.

ઉકત તમામ ખરીદી જે તે કચેરીએ G.I..L ધ્વારા થયેલ R.C મુજબ જ કરવાની રહેશે.

અંતમાં સર્વેનો આભાર માની બેઠકનું સમાપન કરવામાં આવ્યું.

12/9/18

(એચ.જી.ભાભોર)
સંયુકત સચિવ(કો.સેલ/સંકલન)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

---

ક્રમાંકઃ –૧૦૨૦૧૪– CMP- ૫૬૧૮૦૬–કો.સેલ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯મો માળ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૨ /૯/૨૦૧૮.

પ્રતિ,

(૧) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૩) અધિક સચિવશ્રી (વિજાક અને બજેટ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી(અ.જા.ક)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) નાયબ સચિવશ્રી(સ.સુ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૬) નાયબ સચિવશ્રી(તપાસ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૮) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીકસ લિ. બ્લોક નં.૧,૮મો માળ, ઉધોગ ભવન, ગાંધીનગર.
(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક નં.૧૬, ભોંયતળીયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૩) સભ્ય–સચિવશ્રી, ગુજરાત રાજય બિન અનામત વર્ગોનું આયોગ, એ–૨ વીંગ, ૬ઠો માળ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, સેકટર–૧૦, ગાંધીનગર.
(૧૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૯, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૫) એસ.આઈ.ઓ.શ્રી, નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર, બ્લોક નં.૧૩, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૧૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર, બ્લોક નં.૧૩, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૧૭) સિલેકટ ફાઈલ

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.